# નિપાત

## નિપાત એટલે શું ?

નિપાત એટલે સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ કે ક્રિયા વિશેષણ સાથે આવતા ભાર, આગ્રહ, મર્યાદા, વિનંતી, વિનય સૂચવતા પદો.

ભાષામાં કેટલાક ઘટકો એવા પણ હોય છે. જે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયારૂપની સાથે આવીને ભાર, આગ્રહ, વિનંતી, સીમા–મર્યાદા વગેરે અર્થો વ્યક્ત કરે છે. આવા ઘટકોને નિપાત કહેવામાં આવે છે.

નિપાતના કોશગત અર્થો: નીચે પડવું, વિનાશ, મૃત્યુ, જે શબ્દનું મૂળ ન મળતું હોય તે, દુર્ગતિ, અધોગતિ, અનિયમિત રૂપ, આઘાત, ઊતરવું તે, કૂદકો, ચપટી વગાડવી તે, થાપણ, નાનો ધોધ,નાહવાનું સ્થાન, બેસવું તે, લાંબા થઈ ને પડવું, ન મળતું હોય તે, ભ્રષ્ટતા, પડેલું, પાડેલું વગેરે અર્થ વિવિધ કોશમાં દર્શાવેલ છે.

## નિપાત વગરના વાક્યો :

( ૧ ) પરી મારી સાથે આવશે.

( ૨ ) હું એની સાથે આવવાનો છું.

( ૩ ) સાચું સ્વર્ગ માતાના ચરણોમાં છે.

## નિપાતવાળા વાક્યો :

( ૧ ) પરી મારી સાથે આવશે ને.

( ૨ ) હું પણ એની સાથે આવવાનો છું.

( ૩ ) સાચું સ્વર્ગ તો માતાના ચરણોમાં જ છે.

## નિપાતના પ્રકાર :

નિપાતના મુખ્ય ચાર પ્રકાર છે.

( ૧ ) ભારવાચક નિપાત

( ૨ ) સીમાવાચક નિપાત

( ૩ ) વિનયવાચક નિપાત

( ૪ ) પ્રકીર્ણ અથવા લટકણીયારૂપ નિપાત



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# નિપાત

## ( ૧ ) ભારવાચક નિપાત :

જ્યારે વાક્યના કોઈ પદ પર ભાર મૂકવાનો અર્થ આવતો હોય ત્યારે વપરાતા નિપાતને " ભારવાચક નિપાત " કહેવામાં આવે છે.

ભારવાહી અર્થ બતાવે તેને " ભારવાચક નિપાત " કહેવામાંઆવે છે.

જ, તો, પણ, ય, યે, સુદ્ધાં, ખરો, ખરી, ખરું, વગેરે " ભારવાચક નિપાત " છે.

ઉદાહરણ :

( ૧ ) પરી જ આ લખી શકશે.

( ૨ ) તમે તો ભારે કરી !

( ૩ ) એમાં જાણવાની બાબતો પણ ઘણી છે.

( ૪ ) એમણે જ મને ઊભો કર્યો.

( ૫ ) હું જ તમારે ત્યાં આવીશ.

( ૬ ) કાલે તમે પણ ચાલ્યાં હતાં.

( ૭ ) એણે લેખ લખ્યો ખરો !

( ૮ ) અમે તો લોટો સાચવી રાખ્યો છે.

( ૯ ) તમેય અમારી સાથે આવજો.

( ૧૦ ) મોડી મોડી પણ તું આવી ખરી !

( ૧૧ ) એમાં એકેય શબ્દ પ્રેમનો ન હતો.

( ૧૨ ) વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# નિપાત



## ( ૨ ) સીમાવાચક નિપાત :

ફક્ત, તદ્દન, માત્ર, કેવળ, સાવ, છેક વગેરે જેવા શબ્દો સીમાનો અર્થ સૂચવે છે આથી તે " સીમાવાચક નિપાત " કહેવામાં આવે છે.

સીમા મર્યાદાનો અર્થ અભિવ્યક્ત થતો હોય ત્યારે તે " સીમાવાચક નિપાત " કહેવામાં આવે છે.

'ફક્ત, માત્ર, કેવળ, તદન, સાવ, છેક, બિલકુલ...' જેવા નિપાતો આ પ્રકારના છે. આ નિપાતો પદની પહેલાં કે પછી વાપરી શકાય.

જે પદને મર્યાદિત કરવાનું હોય તેની સાથે આ નિપાતો વપરાય છે.

**ઉદાહરણ:**

( ૧ ) કેવળ તમારા ખાતર હું આવીશ.

( ૨ ) તમે ફક્ત મારી વાત સાંભળો.

( ૩ ) સમારંભમાં તે સાવ એકલો પડી ગયો હતો.

( ૪ ) તેને માત્ર રમવામાં રસ છે.

( ૫ ) ફક્ત દસ મિનિટ મને આપો.

( ૬ ) તદ્દન વ્યાજબી ભાવમાં લીધું.

( ૭ ) કેવળ નિરાશ થવાની વાત છે.

( ૮ ) સાવ નાની વાતમાં પરી રિસાઈ ગઈ.

( ૯ ) છેક ક્યાં સુધી તું જઈ આવ્યો ?

( ૧૦ ) આવું ટી.વી. ગામમાં ફક્ત બે જણને ત્યાં છે.

( ૧૧ ) અમારી ઓળખાણ છેક સુધી છે.

( ૧૨ ) ફક્ત જવાબ જોઈએ.



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# નિપાત

## ( ૩ ) વિનયવાચક નિપાત :

વિનય, વિવેક, માન, મોભો કે આદરનો અર્થ દર્શાવવો હોય ત્યારે " જી " નો " વિનયવાચક નિપાત " તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

વિવેક, આદર, માન, દરજ્જો, મોભો, વિનય વગેરેનો અર્થ દર્શાવવા માટે 'જી' જેવા નિપાતનો ઉપયોગ થાય છે. તેને " વિનયવાચક નિપાત " કહેવામાં આવે છે.

'જી' નિપાત આ પ્રકારનો છે. આદર કે વિનય દર્શાવવા અમુક સંજ્ઞા તથા ક્રિયાપદની સાથે આ નિપાત વપરાય છે.

ઉદાહરણ :

( ૧ ) બાપુજી પહેલાંથી રૂઢિચુસ્ત હતાં.

( ૨ ) ભૂલચૂક માફ કરશોજી.

( ૩ ) લાલાજી મને થોડા પૈસા આપો.

( ૪ ) ગુરુજીના દર્શનથી બધા દુ:ખો જતા રહ્યા.

( ૫ ) સરજી, તમે જમી લો, હું પછી જમીશ.

( ૬ ) ગુરુજીને મારા પ્રણામ.

( ૭ ) દાદાજી અમને વાર્તા કહેતા હતા.

( ૮ ) સરજી, તમે કહ્યું એટલે અમે ત્યાં ગયાં.

( ૯ ) મહારાજા ભગતસિંહજી ગોંડલના રાજા હતા.

( ૧૦ ) પત્રનો જવાબ લખવાની કૃપા કરશોજી.

( ૧૧ ) રૂબરૂ મળ્યા તુલ્ય માની પધારશોજી.

( ૧૨ ) શિવજીના પુત્ર ગણેશજીની સૌ પ્રથમ પૂજા થાય છે.



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# નિપાત

## ( ૪ ) પ્રકીર્ણ અથવા લટકણિયાંરૂપ નિપાત :

વિનંતી, આગ્રહ, અનુમતિ કે ખાત્રી જેવા ભાવોને દર્શાવવામાં આવે છે. વાક્યના અંતે આવતા હોવાથી " લટકણિયારૂપ નિપાત " તરીકે ઓળખવામાં આવે છે.

વાક્યમાં આગ્રહ, વિનંતી, અનુમતિ વગેરે જેવા અર્થમાં અને ક્યારેક તો એમ જ લટકણિયારૂપે પ્રયોજાયેલા નિપાતને " પ્રકીર્ણ લટકણિયાંરૂપ નિપાત " કહેવામાં આવે છે.

આવા નિપાતો વાક્યના છેડે વધારે આવતા હોય છે.

કે, તો, કેમ, એમ કે, ને, શું – વગેરે લટકણિયાંરૂપ નિપાત તરીકે ઓળખવામાં આવે છે.

ઉદાહરણ:

( ૧ ) સાહેબ, અંદર આવું કે?

( ૨ ) એમનો ભરોસો કરાય ખરો ?

( ૩ ) તે જમશે ખરો?

( ૪ ) તમે મારા સાથે આવશો ને ?

( ૫ ) મને તમારી પેન આપશો કે ?

( ૬ ) પરી મારી વાત માનશે ને !

( ૭ ) જરા મને આટલું લખાવ તો.

( ૮ ) મને એમનું સરનામું લખાવ તો.

( ૯ ) બપોર થઈ ગઈ, હવે જમવાનું આપ તો.

( ૧૦ ) મને એમનો ટૂંકો પરિચય આપો તો.

( ૧૧ ) થોડી કોફી લેશો કે ?

( ૧૨ ) શું તમે આ કામ કરશો ?





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# નિપાત

## ચાલો જ્ઞાન તપાસીએ. આપેલા વાક્યમાંથી નિપાત ઓળખાવો.

( ૧ ) તમારા કારણે જ આ બધું થયું છે.

( ૨ ) કવિઓ સાથે ચર્ચા ન કરવી એ જ ઉત્તમ.

( ૩ ) તમે તો આવું જ કરો.

( ૪ ) હા સાથે જ હોઈશું.

( ૬ ) ભૂલચૂક માફ કરશોજી.

( ૬ ) મારે ફક્ત 15 મિનિટ જવું છે.

( ૭ ) પરીએ પણ સફેદ વસ્ત્ર પહેર્યું હતું !

( ૮ ) શેઠજી મને કામ આપશો.

( ૯ ) હા, હું આવીશ ને.



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892